+91 81418 87325 ॥ श्री गणेशाय नमः ॥ +91 93528 04136
બાબો બેબી
કિડ્સ વેર & જીયાણા શોપ
BABY'S NECESSITIES BABY'S UTILITIES BABY TOYS BED TIME
BABY'S GARMENTS & UNDER GARMENTS
કલાનિકેતન સાડીની બાજુમાં, ચકીયા હનુમાન મંદિર પાસે, રવાપર રોડ, મોરબી.

દિવ્યકાંતિ

Date: 10-2-2023 to 15-02-2023

Mo 90678 87325
Specially For New Born, Teen Age And Kids Wear
ટાબરીયા
KIDS WEAR & NEW BORN
NEWLY INTRODUCED ???, A COMPLETE SHOPPING EXPERIENCE FOR YOUR LITTLE ONES
૦ થી ૧૪ વર્ષના બાળકોના કપડા અહીં મળશે
ચણીયા ચોલી, કોટ શુટ ઉપલબ્ધ
Near Chakiya Hanuman Temple, Ravapar Road, Morbi

Owner-Editor and Publisher : Jaydev K. Budhbhatti +91 97231 62036 • RNI Reg. No. GUJGUJ/2013/56930 • www.divyakranti.com • info@divyakranti.com • facebook.com/divyakrantinews • Price: 3:00 • 97231 62036 • 9601977755

અમૂલઃ શાખ તળિયે ને ભાવ નળિયે!

ઓન-ધ-સ્પોટ (જુઓ પાનું-૩)

Dhavalbhai 8849426226 | Chintan 9898100762
PERFUME HOUSE
માનવ પ્લાઝા, નરસંગ ટેકરી પાસે, બાપા સીતારામ ચોક, મોરબી.
BVLGARI CHANEL MONT BLANC D&G GUCCI GUESS paco rabanne Rasasi DAVIDOFF dunhill BOSS UNITED COLORS OF BENETTON JAGUAR LACOSTE MARC JACOBS Lattafa ARMANI NEESH
PHONE HOUSE
નવા મોબાઈલ અને જુના મોબાઈલની વિશાળ શ્રેણી હાજર સ્ટોકમાં

ડો. મોન્ટુ રાજપરા (B.P.T., M.I.A.P.) Mo. 97734 52489
ઓમ ફિઝીયોથેરાપી કલીનીક
સમયઃ સવારે ૮:૩૦ થી ૧:૦૦, સાંજે ૪:૦૦ થી ૮:૦૦
કસરત અને આધુનિક મશીન દ્વારા ઉપલબ્ધ સારવાર
- લકવો : હાથ-પગનો લકવો (પક્ષપાત), અડધું અંગ રહી જવું, મોઢાનો લકવો, ખોડ ખાંપણ માટેની સારવાર
- દુઃખાવો : કમર, ગરદન, ઘુંટણ, ખંભા, કોણી, થાપા, એડી વગેરે
- સાંધા તથા સ્નાયુની સારવારઃ સંધિવા, ઘુંટણનો વા તથા ઘસારો, લોહીનો ફરતો વા, ગંઠાઇ ગયેલા સાંધા તેમજ વિવિધ ઓપરેશન પછીની સારવાર
- સાયટીકા, ગાદી ખસી જવી તેમજ મણકાંના ઘસારાથી થતા દુઃખાવાની સારવાર.
- ગુટખા તથા તમાકુંના સેવનથી જકડાઇ ગયેલ જડબાની સારવાર.
હોમ વિઝીટ સુવિધા ઉપલબ્ધ છે
બીજો માળ, વૈદેહી પ્લાઝા, ગોલ્ડન માર્કેટ પાસે, મહાબલી હનુમાનજી મંદિર સામે, રવાપર-ઘુનડા રોડ, મોરબી.

77788 77838
SHOES 36
જેન્સવેર બુટ-ચંપલનો વિશાળ વેરાયટી ધરાવતો શો-રૂમ
મહેન્દ્રનગર ચોકડી, હરિગુણ બિઝનેસ સેન્ટર, મોરબી.

83201 21305
The MAD GIRL
- ચણિયા ચોલી
- કોટ શુટ
- કુર્તિ
- જીન્સ
- ટોપ
- બ્રા-પેન્ટી (તમામ બ્રાન્ડની)
Near Chakiya Hanuman Temple, Ravapar Road, Morbi.
FREE HOME DELIVERY
LADIES WESTERN GALLERY, KURTI, JEANS, TOP, LADIES WEAR
thamedgirl

Bhavin Gajjar +91 74050 95299 • Karan Sonagra +91 97234 54577 • Jayesh Patel +91 99098 60100
SUNPOWER ENERGY
ENERGIZING THE FUTURE...
— SOLAR & E-BIKE —
- Solar Residential & Commercial Projects
- Solar Rooftop Industrial Plant
- Solar Mega Watt Power Plant
- Solar On Grid & Off Grid System
- Solar Water Heater
- E-Bike
20% સબસીડી 3 kw થી 10 kw સુધી
ગુજરાત સરકારની સોલાર સબસીડી ચાલું છે. રજિસ્ટ્રેશન માટે આજે સંપર્ક કરો
40% સબસીડી 1 kw થી 3 kw સુધી
Shop No. 14, Ground Floor, City Mall, Sanala Bypass, Morbi.

હરખની હેલી
મુકેશભાઇ 99254 61661
hh
બુટિક & હેન્ડીક્રાફ્ટ
કિડઝવેર જીયાણુ
ભાણજી 99131 61661
સોમનાથ પ્લાઝા, ફર્સ્ટ ફ્લોર, શોપ નં ૭, ૮, રવાપર રોડ, મોરબી.
પરેશ 99092 61661

આશિષ અગોલા 96013 45447
રાધે ફોમ & વેલ્વેટ
- કર્લોન ફોમ
- રેકજીન
- સોફા મટીરીયલ
- પડદાંનું કાપડ
- સીરામીક ડીસપ્લે
Kurl-on Mattress Sleepwell
Curtain Fabric Sofa Fabric Pillow Cushion Ceramic Display
Big Capital Market, Swagat Chowkdi, Shop No. 2Ravapar Road, Morbi.
આ જાહેરાતનો ફોટો મોબાઈલ પર બતાવો અને 5% ડિસ્કાઉન્ટ મેળવો.

Mo. 90165 21111
Reliable Store
Tupperware MILTON Intelligent homeware ARISTO JOYO
Plastic Ware, Kitchen Ware, Home Care, Personal Care & Cosmetic
Ravapar Road, Swachta Road, Morbi-1

The Krafty Fuddi
+91 87805 65013
Hot Shoup (Manchow Shoup)
French Fries (Unlimited)
Hot Salads (6 Types)
Cold Salads (12 Types)
Panini (2 Types) Sweet & Chilli
Cheese Garlic Bread (2 Types)
Puff Pizza
Variety of Pizza
Soft Drinks (Unlimited) (Pepsi Mirinda)
Decent Havmor Special
Unlimited MEAL
Rs. 220/-
7 DAYS Same Price
Rs. 249/-
સાઉથ ઇન્ડીયન ચાઇનીઝ પાંઉભાજી
City Mall, By Pass Road, Bhaktinagar Circle, Sakt Sanala Morbi-1.

દુકાનો ભાડે આપવાની છે..
શ્રી ગણેશ કોમ્પ્લેક્ષમાં ૩૦ દુકાન વ્યાજબી ભાવથી ભાડેથી આપવાની છે..
શ્રી ગણેશ કોમ્પ્લેક્ષ ①
બાયપાસ પુલની બાજુમાં, ટાટા મોટર્સ ગેરેજની સામે,કંડલા હાઇવે રોડ, મોરબી.
કોમ્પ્લેક્ષની સુવિધા
- ટ્રાન્સપોર્ટિંગ પાર્કિંગની સુવિધા
- ૨૪ કલાક પાણીની સુવિધા
- દરેક દુકાનમાં વોશરૂમની સુવિધા
- ૨૪ કલાક સી.સી.ટી.વી. કેમેરા
સંપર્કઃ દુર્લભજીભાઇ (રોડ માસ્ટર સાઇકલ) Mo. 87807 19996

Happy Hills Lady Care
CHILDREN WEAR FOOT WEAR
campus sparx
Nr. Chakia Hanumanji Temple, Ravapar Road, Morbi - 363641. Cell : 76240 76066

દિવ્યકાંતિ
મોબાઈલ પર ન્યુઝ અપડેટ અને ઈ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9723162036 પર વોટસએપ કરો.
વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે આ કોડ સ્કેન કરો

Mo 72028 13050
RAJ AQUARIUM & FISH
રાજ
એકવેરીયમ & ફીશ
રંગબેરંગી માછલીઓ, માછલીઘર, કલરીંગ બર્ડ, કેટ, ડોગ, ફુડ અને એસેસરીઝ વગેરે.
https://rajaquarium.in
raj_aquarium_fish_zone
કોટક બેંક પાસે, રામ ચોક, રનાળા રોડ, મોરબી.

નોધ: આ ઈ-પેપરમાં કોઈપણ વ્યકિતના મોબાઈલ નંબર પર કલિક કરવાથી કોલ કરી શકશો..

મોરબી સિરામિક ઉદ્યોગને વધુ એક ઝટકો, પ્રોપેન ગેસમાં ટને રૂપિયા ૩૧૭૦નો વધારો

છેલ્લા ઘણા સમયથી મંદીમાં ઘેરાયેલા મોરબીના સિરામિક ઉદ્યોગને વધુ એક ફટકો પડ્યો છે. ઓઈલ કંપની એચપીસીએલ દ્વારા પ્રોપેન ગેસના ભાવમાં પ્રતિ ટને રૂપિયા ૩૧૭૦નો ભાવ વધારો અમલી બનાવતા સિરામિક ઉદ્યોગની મુશ્કેલીમાં વધારો થયો છે.

વિશ્વના બીજા નંબરના સૌથી મોટા સિરામિક કલસ્ટર મોરબી સિરામિક ઉદ્યોગને ઓગસ્ટ ૨૦૨૧થી મુખ્ય ઇંધણ એટલે કે પાઈપલાઈન નેચરલ ગેસના ભાવમાં બમણો વધારો થતાં મુશ્કેલીનો સામનો કરવો પડતા સિરામિક ઉદ્યોગકારોએ સસ્તા ગેસના વિકલ્પરૂપે પ્રોપેન અને એલપીજીનો વપરાશ શરૂ કર્યો છે અને હાલમાં ૭૦ ટકા જેટલા સિરામિક એકમો પાઈપલાઈન નેચરલ ગેસને બદલે પ્રોપેન અને એલપીજીનો વપરાશ કરી રહ્યા છે. પરંતુ પ્રોપેન ગેસમાં પણ પ્રતિ ટને રૂપિયા ૩૧૭૦નો ભાવ વધારો થતાં સિરામિક ઈન્ડસ્ટ્રીઝને મંદીમાં વધુ એક માર પડ્યો છે.દરમિયાન આજે પ્રોપેન ગેસના સતાવાર ડીલર્સ દ્વારા મોરબીના સિરામિક ઉદ્યોગકારોને વોટ્સએપ મારફતે સંદેશો વહેતો કરી એચપીસીએલ કંપની દ્વારા ૩૧૭૦નો ભાવ વધારો થતાં કંડલાથી નવા ભાવ ૫૯,૫૦૦ અને મુન્દ્રાથી પ્રોપેનના નવા ભાવ ૫૮,૮૦૦ અમલી બનશે તેવું સ્પષ્ટ કર્યું છે. સાથે જ અન્ય પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા પણ ટૂંક સમયમાં પ્રોપેન ગેસના ભાવમા વધારો કરનાર હોવાનું જાહેર કર્યું છે.ઉલ્લેખનીય છે કે, મોરબીમાં હાલમાં ૭૦ ટકા જેટલી સિરામિક ફેકટરીઓ પ્રોપેન ગેસનો વપરાશ કરે છે. જો કે પ્રોપેન ગેસના ભાવમાં પ્રતિ ટન રૂપિયા ૩૧૭૦નો ભાવ વધારો થવા છતાં હજુ પણ પ્રોપેન ગેસ ગુજરાત ગેસના નેચરલ પાઈપલાઈન ગેસ કરતા ૩થી ૪ રૂપિયા સસ્તો હોવાનું સિરામિક ઉદ્યોગકારો જણાવી રહ્યા છે.

ઘરની નેમ પ્લેટ 'પૂજાનું ઘર'

દીકરી માંગે એક ખોબો ને પિતા આપી દે આંખો દરિયો દરેક પિતાને તેની દીકરી ખૂબ જ વ્હાલી હોય છે પિતાના કાળજાનો કટકો એટલે દીકરી..દીકરીના લાડકોડ પુરા કરવા અને તેને કોઈ પણ જાતની જરાય તકલીફ ના પડે તેની સંભાળ દરેકે પિતા રાખતા હોય છે દીકરી જે કંઈ પણ વસ્તુ માંગે તે પિતા તરત હજાર કરે છે એક દીકરી માટે તેના પિતા સુપર હીરો હોય છે પિતા અને પુત્રીમાં એક ચીઝ કૉમન હોય છે બન્ને ને પોતાની ઢીંગલી થી ખૂબ જ પ્રેમ હોય છે પિતા તેની દીકરીનું પાલન પોષણ પણ રાજકુમારી જેમ કરે છે

'દીકરી મારી લાડકાઈ લક્ષ્મીનો અવતાર એ સુવે તો રાત પડે ને જાગે તો સવાર' પિતાના ઘરે જ્યારે દીકરીનો જન્મ થાય છે ત્યારે કહેવાય છે કે વધામણી ઘરે લક્ષ્મી પધાર્યા છે.

અને વરી દીકરીને પારકી થાપણ પણ કહેવામાં આવે છે એવી થાપણ કે જેને આપણે બીજા માટે સાચવીને રાખવાની છે પારકાને સોંપવાની છે દીકરી નામના દીવાનું અજવાળું બે ઘરને અજવાળે છે

કન્યા વિદાય એ બીજા કોઈપણ પ્રસંગ કરતા અનોખો પ્રસંગ છે. પિતાની એક આંખમાં દીકરીના લગ્ન રંગેચંગે પાર પાડવાની ખુશીના આંસુ હોય છે તો બીજી આંખમાં ખૂબ લાડકોડથી ઉછેરેલી દીકરી પોતાને હમેશ માટે છોડીને સાસરે જઈ રહી છે તે વેદનાના આંસુ હોય છે. કન્યાદાન આપતી વખતે પિતા જ્યારે દીકરીનો હાથ જમાઈના હાથમાં આપે છે ત્યારે વાસ્તવમાં એ પિતા પોતાનું હૈયું કાઢીને આપતા હોય છે. ભીની આંખે દિકરીને વિદાય આપતા પિતા

-:લેખક :-
કટ્ટા પૂજા ભરતભાઈ
(નખત્રાણા)

મનોમન એટલું જ કહે છે 'બાબુલ કી દુવાએ લેતી જા, જા તુજકો સુખી સંસાર મિલે.....

માતા-પિતાનું ઘર દીકરીનું પિયર કહેવાય અને તે પરણી ને પતિના ઘરે જાય તો તેને સાસરું કહેવાય. દીકરી આખી ઉમર શોધે છે કે મારું ઘર કયું કહેવાય!!?

પણ આજે હું તમને એક એવા ઘરની વાત કહીશ કે જે ઘરની ઓળખ એક દીકરીના નામ પર રાખેલી છે 'પૂજા નું ઘર' સહેજ આર્ટિકલનું હેડિંગ વાંચીને એવું લાગ્યું હશે કે કોઈ ભગવાનના મંદિર વિશે વાત હશે પરંતુ ના અત્રે હું એક દીકરીના ઘરની વાત કરી રહી છું...!! ઘરની નેમપ્લેટ પૂજા નું ઘર પૂજાના ઘરે પધારેલ દરેક મહેમાનની નજર ડાયરેક્ટ તેના ઘરની નેમપ્લેટ ઉપર જાય છે ઓહ... હો!! પૂજા નું ઘર એમ દરેકના મુખ માથી આશ્ચર્યજનક ભાવે વાક્ય નીકળી જાય છે જે સાંભળીને પૂજાના ચહેરા ઉપર સ્મિત આવી જાય છે એ તરત બોલે છે હા આ પૂજા નું ઘર છે આવો ને **Well Come.** જે કોઈ પણ એ દીકરીના ઘરનું સરનામું શોધતું હોય એ વ્યક્તિ એમ જ કહે છે કે આ પૂજાનું ઘર ક્યાં છે? તેના ઘરે પધારેલ દરેક મહેમાન તેને એક જ સવાલ પૂછે છે બેટા તમારા ઘરનું નામ કોણે રાખ્યું છે? ત્યારે એ પૂજા જવાબ આપે છે કે મારા નામની ઓળખ મારા વ્હાલા માતા-પિતા અને સાગર જેવા વિશાળ હદય ધરાવનાર મારા મોટા ભાઈ 'સાગર' એ આપી છે આજે સ્નેહ સાગર રૂપી પૂજાના ઘરમાં અમે સૌ હરીમળીને જીવનરૂપી નૈયામાં હર્ષોઉલ્લાસ પૂર્વક જીવન વ્યતીત કરી રહ્યા છીએ. દીકરી માટે તેના પિતા એક જણ નથી પરંતુ દીકરીનું આખું વિશ્વ પિતામાં રહેલું છે એ દીકરી ખૂબ જ ભાગ્યશાળી કહેવાય જે પિતાએ ઘરની ઓળખ પહેચાન દીકરીના નામથી આપી છે આવી રીતે દરેક માતા પિતાએ પોતાના ઘરને દીકરીના નામથી ઓળખ અવશ્ય આપવી જોઈએ જેથી દરેક દીકરી ગર્વથી કઈ શકે કે જોવો આ મારું ઘર છે જેમ કે અત્યારે પૂજા ગર્વથી કહી રહી છે કે આ મારું એટલે કે 'પૂજા નું ઘર' છે....

મોરબી જિલ્લામાં ૨૧ વ્યાજખોર સામે ફરિયાદ, ૩૯ શખ્સની ધરપકડ

પોલીસે લોકદરબાર યોજી ૬ સ્થળે લોન મેળાનું આયોજન કર્યું

સામાન્ય નાગરીકોને વ્યાજખોરીના ચુંગાલમાંથી મુકિત અપાવવા તેમજ આવી અસામાજિક પ્રવૃતિ કરતા વ્યકિતઓ પર કાયદાની લગામ કસવાના આશયથી રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવીની સુચના પ્રમાણે પોલીસ દ્વારા રાજ્યભરમાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત તારીખ ૫ જાન્યુઆરીથી શરૂ થયેલી આ કાર્યવાહી હજુ પણ ચાલુ છે. ત્યારે અત્યાર સુધી મોરબી જિલ્લામાં આ ઝુંબેશ દરમિયાન ૨૧ ફરિયાદમાં ૩૯ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.આ ડ્રાઇવ દરમ્યાન રાજકોટ રેન્જના તાબાના તમામ જિલ્લાઓમાં પોલીસ અધિક્ષક રેક થી લઈ પોલીસ કોન્સટેબલ સુધીની રેંકના પોલીસ અધિકારી/કર્મચારીઓને સેન્સેટાઈઝ કરવામાં આવેલ છે. સમગ્ર રેન્જના તાબાના જિલ્લાઓમાં લોકો કાયદાથી અવગત થાય અને તેઓમાં વ્યાજખોરી અંગે જાગૃતિ કેળવાય તેમજ વ્યાજખોરી કરતા ઈસમોને કાયદાનો પાઠ ભણાવી શકાય તેવા હેતુને લક્ષ્યમાં રાખી અત્યાર સુધીમાં સમગ્ર રાજકોટ રેન્જમાં કુલ ૬૦૦ થી વધુ સ્થળો ઉપર લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોક દરબારના આયોજન અંગે મહતમ પ્રચાર પ્રસાર કરી વધુમાં વધુ લોકો હાજર રહે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. સ્થળ ઉપર રજુઆત કરવાથી માંડી ફરીયાદ લેવા સુધીની તમામ સુવિધા ઉભી કરવામાં આવી હતી. ફીલ્ડ ટીમોને સ્ટેન્ડબાય રાખી જરૂર જણાયે ત્વરીત આરોપીની ધરપકડ તથા સર્ચ ઓપરેશનો ચલાવવામાં આવ્યા હતા.

મોરબી જિલ્લાની વાત કરીએ તો મોરબી જિલ્લામાં લોક દરબારનું આયોજન કરાયું છે. જેમાં મોરબી જિલ્લામાં ૧૪ રજૂઆતો મળી હતી અને મોરબી જિલ્લામાં ૨૧ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા હતા છે જેમાં કુલ ૩૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે જે પૈકી ૩ આરોપીઓને જેલ હવાલે કરાયા છે. આ ઉપરાંત પોલીસ દ્વારા મોરબી જિલ્લામાં ૬ સ્થળોએ લોન મેળાનું પણ આયોજન કરાયું છે અને આ ઝુંબેશ અવિરત પણે ચાલુ રાખવામાં આવનાર હોવાનું રેન્જ આઈજી કચેરી દ્વારા જણાવાયું છે.

મોરબીમાં નવ દંપતીની અનોખી પહેલ, ઉદ્યોગપતિના પુત્ર દિપના લગ્ન પ્રસંગે કર્તવ્ય જીવદયા ટ્રસ્ટને ચેક અર્પણ કર્યો

મોરબીઃ હાલ લગ્નની મોસમ ચાલી રહી છે, ત્યારે મોરબીમાં બાવરવા પરિવારના આંગણે લગ્ન પ્રસંગના રૂડા અવસરે નવ દંપતિએ અનોખી પહેલ કરી છે, જે સૌ કોઈ માટે પ્રેરણારૂપ છે.

મોરબીના ઉદ્યોગપતિ અને મુળ મોડપર નિવાસી રમેશભાઈ ડાયાભાઈ બાવરવા તથા લતાબેન રમેશભાઈ બાવરેચી નિવાસી અને હાલ મોરબી રહેતા કનૈયાલાલ જાદવજીભાઈ કાલરીયા તથા સ્વ.ગીતાબેન કનૈયાલાલ કાલરીયાની પુત્રી પુનમ સાથે નિધારલે હતા. આ શુભ પ્રસંગે પ્રભુતામાં પગલા માંડનાર નવ દંપતિએ મોરબીના કર્તવ્ય જીવદયા ટ્રસ્ટમાં દાન આપી અનોખી પહેલ કરી હતી.

વાંકાનેર તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘ લી.ની ચુંટણી ૨૨ ફેબ્રુઆરીના રોજ યોજાશે

વાંકાનેર તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘ લી. વાંકાનેર ની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવા માટેની કામગીરી ચૂંટણી અધિકારી અને મામલતદાર, વાંકાનેરની કચેરી, વાંકાનેર ખાતે તા.૦૯/૦૨/૨૦૨૩ સુધી કરવામાં આવશે. મળેલ ઉમેદવારી પત્રોની યાદી ચૂંટણી અધિકારી અને મામલતદાર, વાંકાનેરની કચેરી, વાંકાનેર ખાતે તા.૦૯/૦૨/૨૦૨૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. આ ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૧૦/૦૨/૨૦૨૩ના રોજ ચૂંટણી અધિકારી અને મામલતદાર, વાંકાનેરની કચેરી, વાંકાનેર ખાતે કરવામાં આવશે. આ માન્ય ઉમેદવારી પત્રોની યાદી તા.૧૦/૦૨/૨૦૨૩ ના રોજ ચૂંટણી અધિકારી અને મામલતદાર, વાંકાનેરની કચેરી અને પ્રાંત કચેરી વાંકાનેર ખાતે પ્રસિધ્ધ કરવાની કામગીરી કરવામાં આવનાર છે.

ઉમેદવારી પાછી ખેંચી લેવાની કામગીરી ચૂંટણી અધિકારી અને મામલતદાર વાંકાનેરની કચેરી ખાતે તા.૧૩/૦૨/૨૦૨૩ કરવામાં આવશે. હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ તા.૧૩/૦૨/૨૦૨૩ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે અને મતદાન તા.૨૨/૦૨/૨૦૨૩ શ્રી વાંકાનેર તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘ લી. દાણાપીઠ વાંકાનેર ખાતે કરવામાં આવનાર છે. જેની મતગણતરી તા.૨૨/૦૨/૨૦૨૩ ના રોજ શ્રી વાંકાનેર તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘ લી. દાણાપીઠ વાંકાનેર ખાતે રાખવામાં આવેલ છે તેવું વાંકાનેર પ્રાંત અધિકારીશ્રી અને ચુંટણી અધિકારીશ્રી એ. એચ.સેરશિયાની યાદીમાં જણાવાયું છે.

મોરબી: મહેન્દ્રનગરનો પાણીનો ટાંકો જોખમી હાલતમાં

પાણીનો ટાંકો જોખમી હોવાથી તોડીને નવો બનાવવા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખની પાણી પુરવઠા મંત્રીને રજુઆત

મોરબીના મહેન્દ્રનગર ગામે પાણીનો ટાંકો જર્જરિત બન્યો છે. આ પાણીનો ટાંકો જોખમી હોવાથી તોડીને નવો બનાવવા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખે પાણી પુરવઠા મંત્રી અને સાંસદને રજુઆત કરી છે.

મોરબી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ જાનકીબેન કૈલા એ પાણી પુરવઠા વિભાગના મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને સાંસદ વિનોદભાઈ ચાવડાને રજુઆત કરી હતી કે, મોરબી તાલુકાના મહેન્દ્રનગર ગામે આવેલ પાણીનો ટાંકો કે જે હાલ ખુબજ જર્જરીત હાલતમાં છે અને ગમે ત્યારે તુટી પડે તેમ છે આ ટાંકાની બાજુમાંથી સમગ્ર દિવસ દરમ્યાન ઘણા વાહનો અને રાહદારીઓ પગપાળા પસાર થાય છે જો આ પાણીનો ટાંકો કુરદતી રીતે તુટી પડેતો મોટી દુર્ઘટના સર્જાય તેમ છે અને જાનમાલને મોટા પ્રમાણમાં જોખમ છે. સાથે-સાથે પાણીની પણ

મોટી અછત સર્જાય તેમ છે આ બાબતે ગ્રામજનો તરફથી અગાઉ પણ લગત કચેરી રજૂઆતો કરેલ છે અને કોઇ પરીણામ મળેલ નથી. આથી મહેન્દ્રનગરના ગ્રામજનો તરફથી તેમજ પ્રજાના ચુટાયેલા એક પ્રતિનિધી તરીકે આ આ ટાંકાને તાત્કાલીક અને યુધ્ધના ધોરણે તોડી પાડવા અને નવો ટાંકો બનાવવા માટે યોગ્ય કરવાની માંગ કરી છે.

મોરબી દ્વારા હળવદ રોડ ખાતે ઈમરજન્સી લેવલ-૩ મોકડ્રીલ હાથ ધરાઇ

જિલ્લા વહીવટી તંત્રના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, પ્રાંત કચેરી, મોરબી દ્વારા તા.૦૮/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ગુજરાત ગેસ લિમિટેડના સહયોગથી પ્રાઇમ ફિલિંગ સ્ટેશન, નાગેન્દ્રનગર હળવદ રોડ ખાતે ઈમરજન્સી લેવલ-૩ મોકડ્રીલ હાથ ધરવામાં આવી હતી. જેમાં કમ્પ્રેસરના કારણે ગેસ લીકેજ થતા આગ લાગવાની દુર્ઘટના સર્જાણી હતી. આ કવાયત સમયે જીજીએલ સ્ટાફ, એસડીએમ સર, મોરબી ડીએસઓ સર, ગ્રામ્ય મામલતદાર, ડીપીઓ ડિઝાસ્ટર, અગ્નિશામક અધિકારી ,અગ્નિશામક ટીમ, ઈમરજન્સી ૧૦૮ અને આપડા મિત્રા વગેરે હાજર રહ્યા હતા. આખરે મોકડ્રીલ માટે હાથ ધરવામાં આવેલ આ કવાયત સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

મોરબી ડીસ્ટ્રીક્ટ કોર્ટની કાર્યવાહી યુટ્યુબ ઉપર લાઈવ

રાજ્યભરની તમામ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં થતી કાર્યવાહી લાઈવ નિહાળી શકાશે

મોરબી : ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરની તમામ ડીસ્ટ્રીક્ટ કોર્ટની કાર્યવાહી યુટ્યુબ ઉપર લાઈવ સ્ટ્રીમિંગ કરવાના પ્રોજેક્ટની અમલવારી કરતા ગઈકાલે સાંજથી મોરબીની ડીસ્ટ્રીક્ટ કોર્ટનું લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, સમગ્ર દેશમાં તમામ ડીસ્ટ્રીક્ટ કોર્ટનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવતું હોય તેવું ગુજરાત રાજ્ય પ્રથમ બન્યું છે.

ન્યાયતંત્રની કાર્યપ્રણાલી લોકો લાઈવ નિહાળી શકે તે માટે સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ બાદ હવે ગુજરાતની તમામ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાંથી યુ ટ્યૂબ ઉપરથી લાઈવ પ્રસારણ શરૂ કરવામાં આવ્યું છે, સરકારની સૂચના મુજબ ગઈકાલે સાંજે નામદાર મોરબી ડીસ્ટ્રીક્ટ કોર્ટના લાઈવ યુ ટ્યુબ ટેલિકાસ્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોકો નામદાર મોરબી ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં થતી કાર્યવાહી યુ ટ્યુબ ઉપર મોરબી ડીસ્ટ્રીક્ટ કોર્ટ લાઈવ સર્ચ કરી નિહાળી શકશે.

મોરબીઃ સાર્થક વિદ્યામંદિરમાં ૯ ફેબ્રુઆરીથી ૧૧ દિવસ મહિલા સ્વરક્ષણ તાલીમ શિબિર

સાર્થક વિદ્યામંદિર અને સુરક્ષા સેતુ સોસાયટી મોરબી જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે ૯ ફેબ્રુઆરી થી આગામી ૧૧ દિવસ સુધી મહિલા સ્વરક્ષણ-તાલીમ શિબિરનું આયોજન સાર્થક વિદ્યામંદિર ખાતે કરવામાં આવ્યું છે.આ શિબિરમાં ધોરણ ૬, ૭, ૮, ૯ અને ૧૧ના બહેનોને દરરોજ સવારે ૮ થી ૯ અને બપોરે ૨ થી ૩ જિલ્લા પોલીસ દ્વારા નિયુક્ત નિષ્ણાત કોચ મનીષ અગ્રાવત અને રણજીત ચૌહાણ દ્વારા તાલીમ આપવામાં આવશે.

મોરબીમાં સસ્તા અનાજની ૩ દુકાનના લાયસન્સ રદ

મોરબીમાં પુરવઠા તંત્રએ ત્રણ સસ્તા અનાજની દુકાનોના લાયસન્સ રદ કરી દીધા છે. જેમાં અપૂરતો પુરવઠો આપતા હોવાની ફરિયાદો સંદર્ભે તવાઈ ઉતારી છે. જો કે, અગાઉ ફરિયાદો સંદર્ભે નોટિસો ફટકારવા છતાં ગંભીરતાથી ન લેતા આ સખત કાર્યવાહી કરાઈ હતી. મોરબી જિલ્લા પૂરવઠા અધિકારી ડી.સી. પરમારે જણાવ્યું હતું કે, માળીયામાં આવેલ ગ્રાહક સેવા ભંડાર નામની સસ્તા અનાજની દુકાનની અનેક ફરિયાદો ઉઠી હતી. જેમાં અન્ન પુરવઠો આવ્યો હોય છતાં રેશનકાર્ડ ધારકોને આપતા ન હોય તેમજ અન્ન પુરવઠો પૂરતા પ્રમાણમાં ન આપીને ઓછો આપતા હોવાથી અગાઉ આ સસ્તા અનાજની દુકાનના ધારક સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. આમ છતાં પણ આ સસ્તા અનાજની દુકાનમાં અગાઉ જેવી જ લોલમલોલ ચાલુ રહેતા હવે તેનું લાયસન્સ રદ કરવામાં આવ્યું છે.

વાંકાનેર ફાયરીંગ બટની આજુબાજુના વિસ્તારમાં ૧૬ ફેબ્રુઆરીથી ૧૫મી એપ્રિલ સુધી પ્રવેશબંધી

રાજકોટ શહેર પોલીસ દળના આર્મ્ડ/અનઆર્મ્ડ પોલીસ અધિકારી/કર્મચારીઓની ફાયરીંગ પ્રેકટીસ માટે વાંકાનેર ફાયરીંગ બટ ખાતે ફાયરીંગ પ્રેકટીસ લેવા માટે તા.૧૬/૦૨/૨૦૨૩ થી તા.૧૫/૦૪/૨૦૨૩ સુધી વાંકાનેર ફાયરીંગ બટની આજુબાજુના વિસ્તારમાં રાહદારીઓ તેમજ વાહનોના પ્રવેશવા સામે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.કે. મુછાર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આ જાહેરનામાં અનુસાર મોરબી જિલ્લાના વાંકાનેર ફાયરીંગ રેન્જ ખાતે ફાયરીંગ બટ વાંકાનેર રેલ્વે લાઈન તરફ (સિંધાવદર રેલ્વે ફાટકથી વાંકાનેર તરફ જતા રેલ્વે લાઈનને સમાંતર સામે અમરનગર ફાટક પાસે, ઉત્તરે આવેલ ડુંગરની ધાર પાસે) આવેલ છે, તે ફાયરીંગ બટ વિસ્તારમાં તા.૧૬/૦૨/૨૦૨૩ થી તા.૧૫/૦૪/૨૦૨૩ સુધી જાહેર જનતાને પ્રવેશવું નહીં, ત્યાંથી પસાર થવું નહીં, કોઈ વાહનો કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહી આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ ની તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

શ્રી મારૂ કંસારા સોની સમાજ ના આર્ટ ગ્રુપ "કલાવૃંદ" દ્વારા પ્રજાસત્તાક દિવસ નિમિતે "ત્રિરંગી સ્પર્ધા" નું આયોજન કરાયું હતું

ચિત્ર સ્પર્ધામાં

કાવ્ય/હાઈકુ સ્પર્ધામાં

વેશભૂષા સ્પર્ધામાં

સ્પર્ધા અંતર્ગત કાવ્ય લેખન/ચિત્ર/વેશભૂષા જેવા વિષય પર સ્પર્ધા યોજાયી હતી. જેમાં અનેક લોકોએ ભાગ લીધો હતો. કલાવૃંદ સમિતિના નિર્ણાયકો દ્વારા સ્પર્ધકોને વિજેતા જાહેર કર્યા હતા જેમાં (કાવ્ય/હાઈકુ સ્પર્ધામાં) પ્રથમ ક્રમે કિશોરભાઈ બારમેડા, દ્વિતીય ક્રમે કવિતા સોલંકી અને ડો.શૈલેષ બારમેડા, તૃતીય ક્રમે ધારા બારમેડા વિજેતા જાહેર કરાયા હતા, જયારે (ચિત્ર સ્પર્ધા)માં પ્રથમ ક્રમે દીશિતા કટ્ટા, દ્વિતીય ક્રમે વૈનવી કોટડીયા અને તૃતીય ક્રમે ધ્રુવીન કટ્ટા જાહેર કરાયા હતા. જયારે (વેશભૂષા) સ્પર્ધામાં પ્રથમ ક્રમે કિશલ સોની, દ્વિતીય ક્રમે નવ્યા પોમલ, દ્વિતીય ક્રમે દિયા/રાજવીર કટ્ટા અને તૃતીય ક્રમે પિહુ પોમલને વિજેતા જાહેર કરાયા હતા. દરેક વિજેતાઓને ઈ-સર્ટિથી નવાજવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે અતુલ ભાઈ સોની, ડો. મહેન્દ્રભાઈ છાત્રારા, પૂજા કટ્ટા, જય સોની, સીમા સોલંકી, દીપા બુદ્ધ, માનસી સોની, કેવલ કટ્ટાએ સેવા આપી હતી.એમ કલાવૃંદના સ્થાપક મહેશ ભાઈ સોની (ચિત્રકાર) એ જણાવ્યું હતું.

મોરબી તાલુકા ભાજપ કારોબારી બેઠક યોજાઇ

ભારતીય જનતા પાર્ટીની ગુજરાત વિધાનસભાની પ્રંચડ જીતના શિલ્પી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સિંહ ફાળો રહ્યો એ ઉપરાંત રાજ્ય બહારના ભાજપના નેતાઓ અને પ્રવાસી કાર્યકર્તાઓ પણ પક્ષની આ જીતમા મહત્વની ભૂમિકા અદા કરી છે ઐતિહાસિક પરિણામો લાવવામા સામાન્ય કાર્યકર્તાથી લઈને હોદેદારો, ચુટાયેલા પ્રતિનિધિઓ, શુભેચ્છકો, સમર્થકોનો આભાર માનવામા આવ્યો હતો કારોબારી બેઠકમાં મોરબી તાલુકા ભાજપ પ્રમુખ ઉપરાંત મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, મોરબી માળીયાના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન જયંતિભાઈ પડશુંબીયા, આરોગ્ય સમિતિના ચેરમેન હીરાભાઈ ટમારીયા, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન હંસાબેન પારેધી, જીજ્ઞેશભાઈ કૈલા, કે. એસ. અમૃતિયા, વિશાલભાઈ ધોડાસરા, રવિભાઈ સનાવડા, કાનજીભાઈ ચાવડા, રાકેશભાઈ કાવર, બચુભાઈ ગરચર, બચુભા રાણા સહિત તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા

મોરબીમાં રવિવારે નવરંગ નેચરલ ક્લબ દ્વારા રાહત ભાવે વસ્તુઓનું વેચાણ

મોરબીમાં આગામી તારીખ ૧૨ ફેબ્રુઆરી ને રવિવારના રોજ નવરંગ નેચરલ ક્લબ દ્વારા ફૂલ-છોડના કુંડા, સીંગ તેલ, કાળા-સફેદ તલનું તેલ, સાની, લીલો ઘઉ નો પોક, સ્ટ્રોબેરીના રોપા, સ્ટ્રોબેરીના ફળ, બ્રોકલી, કેપ્સીકમ મરચાં, દેશી ટામેટા, મધ સહિતની વસ્તુ રાહત ભાવે વેચાણ કરવામાં આવશે.

૧૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી મોરબીના શનાળા રોડ પર ઉમિયા સર્કલ પાસે સત્યેશ્વર મહાદેવ મંદિર પાસે દરેક જાતના ઓસડીયા, હાથે ખાંડેલા ચૂર્ણ પાઉડર, દરેક જાતના ગુલાબ, મોગરો, ચંપો, ગલગોટાના કલમી રોપા, દેશી ગાય આધારિત ખાતર, કોકો પીટ ખાતર, કાળી માટીના રસોઈ બનાવવા માટે હાથેથી બનાવેલા તાવડી, પાટીયા, ફૂલ-છોડના કુંડા, સીંગ તેલ, કાળા-સફેદ તલનું તેલ, સાની, લીલો ઘઉ નો પોક, સ્ટ્રોબેરીના રોપા, સ્ટ્રોબેરીના ફળ, બ્રોકલી, કેપ્સીકમ મરચાં, દેશી ટામેટા, મધ સહિતની વસ્તુ રાહત ભાવે મળશે. વધુ માહિતી માટે વી.ડી. બાલા (મો.નં. ૯૪૨૭૫૬૩૮૯૮) અથવા લવજીભાઈ પ્રજાપતિ મોરબી (મો.નં. ૯૯૨૫૩૬૯૪૬૫)નો સંપર્ક કરવા જણાવાયું છે.

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-12, Issue-144, Year-9 Price Rs. 3.00, M. 097231 62036

અમૂલઃ શાખ તળિયે ને ભાવ નળિયે !

ગમ્મે તેવા બહાને ગમ્મે ત્યારે અમૂલ લિટરે બબ્બે-ત્રણ ત્રણ રૂપિયા વધારી દે છતાં ખબર નૈ કેમ શાસક-વિપક્ષમાંથી માઇનાં કોઈ લાલનું લોહી ઊકળી નથી ઊઠતું. અમૂલ ડેરીએ ગઈકાલે ફરી ભાવ વધારો ઝીંક્યો. તેમાં ગુજરાતને હાલ તૂર્ત બાકાત રાખ્યું એટલે કંઈ ઉપકાર નથી કર્યો. થોડો સમય ઈંધર-ઊધર થવા દયો. ભાવ-વધારો ગુજરાતમાં પણ લાગૂ પડી શકે છે. અમૂલ ડેરીએ ગઈકાલે લિટરે

ત્રણ-ત્રણ રૂપિયા વધારી દેતાં અમૂલ તાજાની કોથળી હવે ૫૪ રૂપિયે, ગોલ્ડની ૬૬ રૂપિયે, ગાયના દૂધની ૫૬ રૂપિયે અને ભેંસના દૂધની લિટરની કોથળી ૭૦ રૂપિયે મળશે. અમૂલ પાસે ભાવ વધારા પાછળનાં કારણોની જૂની ને જાણિતી કેસેટ છે. (૧) પેટ્રોલ-ડિઝલ મોંઘા થવા (૨) પશુ આહાર (દાણ)ની કિંમતો વધવી (૩) કોરોના અને તે પછી લમ્પી જેવા રોગોથી દૂધાળા પશુઓમાં નોંધાયેલા ઘટાડો અને (૪) અપૂરતાચરિયાણનાં કારણે ઘાસ-ચારાનો અભાવ! આ કેસેટ શોલે ફિલ્મ જેવી છે. જ્યારે પણ વગાડો ધૂમ ચાલે. જયારે કે વાસ્તવિકતા તદ્દન વહરી અને નરી હરામખોરીને લગતી છે.

વર્ષથી 'અમૂલ'નાં મેનેજિંગ ડિરેક્ટર

પદે ફેણ ચડાવીને બેસી રહેલા ડૉ.રૂપિન્દરસિંઘ સોઢીને ગયા જાન્યુઆરીમાં સરકારે એમ કહીને તગેડી મૂકયા કે સોઢીએ ''અમૂલ'નાં સાંઢ બની ભ્રષ્ટાચારની મલાઈ જ ઝાપટી હતી. ત્યારે અમૂલ દૂધના વપરાશકારોને (પેલ્લા ગોરબાપાની જેમ) લાગ્યું કે (કથિત) ભ્રષ્ટાચારી સોઢીને હટાવી ભાજપે અંજળી-છાંટીને ''પવિત્ર' બનાવેલા વિપુલ ચૌધરીને બેસાડ્યા એટલે નક્કી કંઈક સારું થશે. પણ અમૂલનાં નવા સુકાની પણ પેલ્લા જોંકમાનાં સાસૂમાં જેવા જ ઠર્યા. અને (હાલપૂરતા) ગુજરાતને બાદ કરતાં દિલ્હી, પૂણે, મુંબઈ સહિતનાં રાજયોમાં અમૂલ દૂધનાં લિટરે ત્રણ-ત્રણ રૂપિયા રાતો રાત મોઘાં કરી દીધા! અમૂલ ડેરી વિશે (અર્થાતઃ સામે) એકમાત્ર હું વારંવાર લખી રહ્યો છું કે ગમ્મે તેવા બહાને ગમ્મે ત્યારે અમૂલ લિટરે બબ્બે-ત્રણ ત્રણ રૂપિયા વધારી દે છતાં ખબર નૈ કેમ શાસક-વિપક્ષમાંથી માઈનાં કોઈ લાલનું લોહી ઊકળી નથી ઊઠતું. અમૂલ ડેરીએ ગઈકાલે ફરી ભાવ વધારો ઝીંકયો. તેમાં ગુજરાતને હાલ તૂર્ત બાકાત રાખ્યું એટલે કંઈ ઉપકાર નથી કર્યો.

જૂદા, દેખાડવાનાં જૂદા. વાસ્તવમાં અમૂલ ડેરી હવે ''સહકારી' રહી જ નથી એમ કહો તો ખોટું નથી. અમૂલ ડેરી હવે જાયન્ટ મલ્ટીનૅશનલ અને નરી મૂડીવાદી અર્થાત, નફ્ફાખોર કંપનીમાં તબદીલ થઈ ગઈ છે. ગુજરાતની ૯૬ લાખ ગાય, ૧.૦૫ કરોડ ભેંસ, ૧૮ લાખ ઘેટાં અને ૫૦ લાખ બકરી સહિતનાં ૨.૭૦ કરોડ દૂધાળા પ્રાણીઓને પ્રથમ તેનાં પાલક એવા ૩૬ લાખ પશુપાલકો દોહી લે, પછી પશુપાલકોને અમૂલ ડેરી દોહી લે! અમૂલ ડેરીમાં રોજનું ૨.૫૦ લાખ લિટર દૂધ ઠલવનારી ૩૬ લાખ મહિલાઓને પણ શાયદ ખબર નથી કે રાજયનાં ૧૮ જિલ્લામાં કહેવાતા સરકારી ધોરણે મિલ્ક-પ્લાન્ટ ચલાવી દૂધ લઈ જતી અમૂલ ડેરી હવે ૩૦૦૦૦-૪૦૦૦૦ કરોડ રૂપિયાની એવી પેઢી બની ગઈ જેને રાજકા રણીઓ પોતાની બાપિકી માની બ ઠી છે. રાજયની ૯૫ ટકા

ચાટવા કેસરિયા કરનારા રામસી પરમાર તેનો જીવંત દાખલો છે. હાંફરો ચડે એટલી મલાઈ દાબી હોવાથી ભાજપ હવે તેની સાથે ગમ્મે તેવો વહેવાર કરે, રામસીભાઈએ ભાજપનો ખૂણો પાળ્યા વિનાં છૂટકો નથી. રામસી પરમાર અને સોઢીની જોડીએ વર્ષો સુધી મલાઈ ચાટી. ભાજપે અમૂલ માર્કેટિંગ ફેડરેશન શામળજી પટેલ અને વાલમજી હૂંબલનાં હવાલે કર્યું ત્યારે રામસી પરમારને ભંહાવ્યા પણ ન્હોતા. મતલબ કે પૂછયુંય ન્હોતું. રામસી પરમાર તો છોડો, હાલમાં વિધાનસભાના સ્પીકર પદે (જખમારીને) બિરાજેલા શંકરસિંહ ચૌધરીનેય અંધારામાં રાખ્યા હતા. અન્યથા અમૂલનાં ચેરમેન થવાનો ઢઢિયો શંકરસિંહ ચૌધરીનેય ઓછો ન્હોતો. સોઢીને તગેડ્યા પછી એવું લાગતું હતું કે ભાજપે હવે વિપુલ ચૌધરી આગળ ખોળો પાથર્યા વિનાં છૂટકો નથી. પણ એવુંય ન બન્યું. ઊલ્ટાનું ભાજપ જબરું ટિવસ્ટ લાવ્યું. આગામી ૫મી સુધી

મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સાથે અમેરિકાથી પરત ફરી રહ્યાં હતા અને કેશુભાઈની બગલમાં બેસેલા વિપુલ ચૌધરીએ ઊડતા વિમાને શંકરસિંહ વાઘેલાને ઓન ઓન કહી દીધુ હતું કે બાપુ...આપણે તમારી સાથે હો! આવા વિપુલ ચૌધરી તાજેતરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપ માટે આડા ફાટ્યા હતા. તેણે આમ આદમી પાર્ટીની ટિકિટ લઈ ચૂંટણી લડવાની વાત પણ વહેતી મૂકાવી હતી. એટલે ભાજપે તેને રૂપિયા ૮૦૦ કરોડનાં (જૂના) કૌભાંડમાં સપ્ટેમ્બર મહિનામાં જ જેલ ભેળા કરી દીધા. વિપુલ ચૌધરીએ આમ છતાં 'અર્બૂદા-સેના'ના નામે તાકત દેખાડ્યે રાખી એટલે ભાજપે બુધ્ધિપૂર્વક સમાધાન કર્યું અને ચૂંટણીની વૈતરણી પાર કરી.

હવે વિપુલ ચૌધરીને તેના ઉપકારના ફળ આપવાનો વારો ભાજપનો હતો પણ ગમ્મે તે બન્યું હોય, ભાજપે કાન્તિ સોઢા પરમારને વિપુલ ચૌધરી સામે ખડા કરી દીધા. હવે લાગે છે કે કાન્તિ સોઢાને ''અમૂલ'ની મલાઈ ચાટવાનો પીળો પરવાનો આપી દેવાશે. કેમ કે સહકારી ક્ષેત્ર પર પ્રભુત્વ જમાવી ચૂંટણીમાં 'ફૂછ મીઠા હોય જાય' તેવી ભાજપની ગણતરી હોવાથી 'અમૂલ' ફરી રાજકારણનો અખાડો બનવાનું. બસ આ જ કારણ છે કે જરાતનાં

૨.૫૦ કરોડ પશુ દોહવા દેતાં હોવા છતાં સસ્તું દૂધ કોઈ પામતું નથી. અમૂલ એક મહાકાય મલ્ટીનૅશનલ કંપની બની ગઈ છે. કંપનીએ દેશનાં અનેક રાજયોમાં અને

રાજકોટ સહિત અને મહાનગરોમાં અબજો રૂપિયા રોકી દૂધ-દૂધ બનાવટની અન્ય ચીજોઃ જેવી કે માખણ (બટર), ઘી, ચીઝ, દહીં, ચોકલેટ, શ્રીખંડ, આઇસ્ક્રીમ, પનીર, ગુલાબજાંબુ અને ન્યુટ્રામૂલ વગેરે બનાવવાનાં ગંજાવર પ્લાન્ટ્સ ખડકયા છે. ખડકી રહી પણ છે. તેનાં બાંધકામ, મશીનરી, સ્ટાફ અને ખાસ કરીને હરામખાયા પદાધિકારીઓના પગાર-ભથ્થાં સહિતનાં લક્ઝરી ખર્ચા અને કૌભાંડોમાં જ એટલા નાણા ચવ્વાઈ જાય છે કે ગરીબ-મધ્યમવર્ગને પરવડે તે ભાવે દૂધ આપી શકાતું નથી. ગઈકાલે ગુજરાત સિવાયનાં રાજયોમાં જે ભાવ વધારો કરાયો તે ૮ વર્ષમાં થયેલા ભાવ વધારા કરતાંયવધુ છે.

છેલ્લા ૧૦ મહિનામાં જ અમૂલ દૂધમાં લિટરે ૧૨ રૂપિયા વધી ગ્યા. આટલા સમયગાળામાં આટલાબધ્ધા રૂપિયા તો પેટ્રોલ-ડીઝલમાં પણ નથી

વધ્યા! 'અમૂલ'ના દૂધમાં પ્રતિ લિટર ત્રણ-ત્રણ રૂપિયાનો ભાવ વધારો ઝીંકાયો તેની અસર દૂધની મીઠાઈઓ પર પણ થવાની

અને ઊનાળો માથે હોઈ, છાશનાં ભાવ પણ કોઠા ઊકાળી નાંખે તેવા થશે. આ ભાવ વધારો એવા બજેટના ત્રીજા જ દા'ડે ઝીંકાયો જે બજેટને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબ, શોષિત, પીડિત, વંચિતોનાં સપનાંને સાકાર કરનારું અને તેની કલબલિયોં મીડિયા ગેંગે પણ બહેતરીન લાભદાયી ગણાવ્યું હતું. બજેટના દા'ડે જ ગુજરાતના વીજ ગ્રાહકો પર પીજીવીસીએલએ કરો:

રૂપિયાનો વધારો લાદી જ દીધો હતો. બાકી હતું તે અમૂલ ડૅરીએ પુરૂ કર્યું. દાઝ તો એવી ચડે છે કે બજેટને ફૂલગુલાબી કહેનારા ટીવી-ડિબેટિયન્સ સહિતની પત્રકારો વિવેચકોની ગેંગની એવી ધોલાઈ કરીએ કે તેનાં શરીરનો પૃષ્ઠ ભાગ પણ 'ફૂલ ગુલાબી' થઈ જાય. દૂધ, દવા, અનાજ અને પાણી જેવી જીવનાવશ્યક ચીજોનાં ભાવમાં બજેટ પછીય પાવલાંનોય ઘટાડો ન થાય ઊલ્ટાનાં દૂધનાં ભાવ એક ઝાટકે લિટરે ત્રણ-ત્રણ રૂપિયા વધી જાય એ

ત્યાગમા કયા કઇ મહિમા જેવુ લાગે છે? સહુને તેમાં બસ હસવા જેવું લાગે છે.
કયાંક અચાનક ખાબોચિયાએ પૂછ્યું મને, આજે કંઇ ઝળહળવા જેવું લાગે છે.
ચાલ ''ખલીલ' આ અંધારાને ખોતરીએ, આમાં કંઇ અજવાળા જેવું લાગે છે!
આપણો દેશ ને રાજ પણ આપણું પોતાનું, સાચ્ચું છે પણ અફવા જેવું લાગે છે!

- ખલીલ ધનતેજવી

થોડો સમય ઈંધર-ઊધર થવા દયો. ભાવ-વધારો ગુજરાતમાં પણ લાગૂ પડી શકે છે. અમૂલ ડેરીએ ગઈકાલે લિટરે ત્રણ-ત્રણ રૂપિયા વધારી દેતાં અમૂલ તાજાની કોથળી હવે ૫૪ રૂપિયે, ગોલ્ડની ૬૬ રૂપિયે, ગાયના દૂધની ૫૬ રૂપિયે અને ભેંસના દૂધની લિટરની કોથળી ૭૦ રૂપિયે

મળશે. અમૂલ પાસે ભાવ વધારા પાછળનાં કારણોની જૂની ને જાણિતી કેસેટ છે. (૧) પેટ્રોલ-ડિઝલ મોંઘા થવા (૨) પશુ આહાર (દાણ)ની કિંમતો વધવી (૩) કોરોના અને તે પછી લમ્પી જેવા રોગોથી દૂધાળા પશુઓમાં નોંધાયેલા ઘટાડો અને (૪) અપૂરતા

ચરિયાણનાં કારણે ઘાસ-ચારાનો અભાવ! આ કેસેટ શોલે ફિલ્મ જેવી છે. જયારે પણ વગાડો ધૂમ ચાલે. જયારે કે વાસ્તવિકતા તદન વહરી અને નરી હરામખોરીને લગતી છે. અહીં કામધેનૂને ભલે મળે ના સૂક્કૂ તણખલું પણ લીલાછમ્મ ખેતરો અમૂલ ડેરીના સત્તાસિન બધ્ધા આખલાઓ જ ચરી જાય છે. એનાકોન્ડાનાં ગળે પણ ઠહકો આવી જાય એવા ગડબા જેવા કારણોમાંય હાથીના દાંત જેવું છે. ચાવવાનાં

તમે પેલ્લો જૉક તો સાંભળ્યો હશેઃ જેમાં ઘરેથી લોટ લીધા વિનાં જઈ રહેલા ભૂ-દેવને રસ્તામાં માજી પૂછે છે કે ગોરબાપા, લોટ આપવાની ના કોણે પાડી કહો. કોઇના ઘરમાં કજિયો ના થાય એ માટે ગોરબાપા ખૂબ આના-કાની કરે છે પણ ''માજી' માનતા નથી. છેવટે ગોરબાપાએ કહેવું પડ્યું કે લોટ આપવાની ના તમારી વહૂ (દીકરાની પત્ની)એ પાડી. એ થે જ ડોશી માઁ તાડૂકયા. ગોરબાપાને કહ્યું પાછા વળો. વહૂથી લોટની ના પડાય જ કેમ! રાજી થઈ ગોરબાપા ડોશીમાની ડેલીમાં આવ્યા. પછી ઓશરી પર ચડી સૂમાંએ કહ્યુંઃ જાવ હવે લોટ આપવાની હું ના પાડું છું. વહુથી ના પડાય જ કેમ! એ પછીથી ગોરબાપાની જે હાલત થઈ હશે તેવી જ હાલત અમૂલ દૂધનાં ગ્રાહકોની થઈ રહી છે. લગાત્તાર ૧૨

સહકારી સંસ્થાઓ પર ભાજપે અજગરી ભરડો લઈ લીધો અને અમૂલ તેનો સૌથી મોટ્ટો તાજ્જો શિકાર છે. અમૂલ, દૂધસાગર-મહેસાણા, માહી અને બરોડા જેવી ગુજરાતમાં કુલ ૩૮ દૂધ-ઉત્પાદક સરકારી મંડળી સાથે સીધ્ધી રીતે જોડાયેલા સદસ્યો (પશુપાલકો)ની સંખ્યા ૫૦ લાખથી વધુ છે. સરકારી ગણતરીએ પાંચ વ્યકિતનું કુટૂમ્બ ગણીએ તો પણ અઢી કરોડ લોકો સાથે ડાયરેક્ટ કોન્ટેકટ અને પાંચમાંથી બે બાળકોને માઈનૉર માની લઈએ તો પણ બાકીના ત્રણ એડલ્ટ વોટર્સને ગણતાં કમિટેડની શ્રેણીમાં નોંધી શકાય એટલા મતદારોની બાંધ્ધી-સંખ્યા પણ દોઢેક કરોડે પહોંચે! ડેરીઓની આવી મલ્ટીપલ મલાઈ ઝાપટવામાં કોંગ્રેસ પણ પાછળ નથી. મૂળ કોંગ્રેસી અને અમૂલની મલાઈ

'અબૂદા-મહોત્સવ'નું આયોજન કરી ૧૦ થી ૧૫ લાખ ચૌધરીઓને એકઠા કરી હાલમાં બૂધ્ધિપૂર્વક શકિતપ્રદર્શન કરી રહેલા વિપુલ ચૌધરી સામે ભાજપે કોંગ્રેસનાં પૂર્વ ધારાસભ્ય અને આણંદ જિલ્લા અમૂલ ડેરીનાં ડિરેક્ટર કાન્તિ સોઢા પરમારને ઉતાર્યા છે. કાન્તિ સોઢા હાલમાં જ કોંગ્રેસનો લૂખ્ખો પંજો છોડાવી ભાજપમાં કેસર-ભીનાં થયા છે. કાન્તિ સોઢા પરમારનો આણંદ સહિત મધ્ય ગુજરાતમાં સારો પ્રભાવ ધરાવે છે. જો વિપુલ ચૌધરી જરાઈ ઊંચા-નીચા થશે તો ભાજપ કાન્તિ સોઢા પરમારને તેની સામે શસ્ત્રની જેમ ઉગામશે! વિપુલ ચૌધરી પણ ઓછી માયા નથી. તેઓશ્રી મિરજાપૂરી લોટા જેવા ઢાળ મળે ત્યાં ઢળવા ટેવાયેલા છે. ૧૯૯૫માં શંકરસિંહે બળવો પોકાર્યો ત્યારે વિપુલ ચૌધરી

પછી પણ જે વિરોધ પક્ષ સડક પર ઊતરી ન પડે તો એ સદાય રોડ પર જ રહેવાને લાયક ગણાય. અમૂલ દૂધે ભાવ વધારાથી હાલ તૂર્ત ગુજરાતને બાકાત રાખ્યું એટલે ગંગન્હાયા ને ગોમતી તર્યા જેવું

માની બેસવાની જરૂર નથી. આ તો આજનું મોત કાલ પર ઠેલાયું માત્ર છે.

આમ છતાં જો વિપક્ષ તેની 'નપાવટતા' બરકરાર રાખે તો શું? એક વિકલ્પ હજુ આપણાં હાથમાં છેઃ બૉયકૉટ! લોકતંત્રમાં અવગણનાથી મોટી કોઈ સજા નથી હોતી. પછી તે અમૂલ હોય કે તેની મલાઈ ચાટનારા 'ચાટૂકારો' હોય. ધિક્કારો સાલે....ફૂ ! અમૂલને તેનાં સ્લૉગન મુજબનો ''ધ ટેસ્ટ ઑફ ઈન્ડિયા'' બતાવી દેવા આપ કા (સોરી, હમ સબ કા) સમય શુરૂ હોતા હૈ અબ...

મોરબી જિલ્લા બિલ્ડર્સ એસો. દ્વારા જંત્રીના વિરોધમાં આવેદન

રાજય સરકાર દ્વારા તાજેતરમાં જંત્રીના દર બમણા કરી દીધા હોય જે વધેલી જંત્રીના ભાવોનો બિલ્ડર એસો દ્વારા વિરોધ કરીને આવેદન પાઠવ્યું છે સાથે જ વૈકલ્પિક સૂચનો પણ આપવામાં આવ્યા છેમોરબી જીલ્લા બિલ્ડર્સ એસોના પ્રમુખની આગેવાનીમાં બિલ્ડર્સ એસોના આગેવાનોએ જીલ્લા કલેકટરને આવેદન આપ્યું હતું જેમાં દસ્તાવેજ નોંધણી અન્વયે સ્ટેમ્પ ડ્યુટીના વપરાશ અનુસંધાને સ્થાવર મિલકતની બજારકીમત નક્કી કરવાની જંત્રી એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટ્સ ૨૦૧૧ ના દર ઓચિંતા બેગણા કરતો ઠરાવ ગુજરાત સરકારના મહેસુલ વિભાગે બહાર પાડ્યો છે જેનો વિરોધ નોંધાવી જંત્રીમાં સુધારો લાવવા વૈકલ્પિક સૂચનો આપવામાં આવ્યા છે

મોરબી જીલ્લા બિલ્ડર્સ એસોસીએશન દ્વારા

૧. જંત્રી સુધારવાનો શ્રેષ્ઠ રસ્તો સર્વે કરીને જંત્રીની રકમ અંગે નિર્ણય કરવો જોઈએ, રાતોરાત જંત્રીની રકમ બમણી કરવી એ યોગ્ય નથી જંત્રીમાં સર્વે કરીને બજાર મુલ્ય બાબતે સુધારો કરવા માંગ કરી છે

૨. જંત્રીમાં ભાવવધારો કરતા પહેલા આમ જનતાને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ ત્રણ મહિના જેટલો સમય આપવો જોઈએ હાલ પુરતો આ નિર્ણય ત્રણ મહિના અથવા જ્યાં સુધી સર્વે કરીને નવી જંત્રી ના બને ત્યાં સુધી મોકૂફ રાખવા માંગ કરી છે

૩. મોરબીમાં અમુક વિસ્તારમાં જૂની જંત્રી મુજબની રકમ વાસ્તવિક કીમત કરતા પણ ઘણી વધારે છે જેના કારણે આ વિસ્તારની અંદર વિકાસ થઈ સકતો નથી જેમકે જુનો લીલાપર રોડ, વિસીપરા, જુના ઘૂટું રોડ, લાતીપ્લોટ, ત્રાજપર સહિતના વિસ્તારમાં જંત્રી રેટ ઘટાડવાના બદલે બે ગણા થાય તે યોગ્ય નથી વિસ્તારની જંત્રી મુજબની બજાર કિમતની રકમ હાલમાં છે તેમાં પણ ઘટાડો કરવો જોઈએ.

૪. લોકો દ્વારા જે કિસ્સામાં મિલકતની ખરીદી થઈ ગઈ હોય તેમાં ખરીદવાની રકમ, સ્ટેમ્પ ડ્યુટી, લોન ખર્ચ વગેરે બજેટ મુજબ ખરીદી કરેલ હોય છે રાતોરાત જંત્રી ભાવવધારાથી સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં બે ગણો વધારો થતા ચુકવવાની રકમ વધી જાય જેથી તેમનું બજેટ ખોરવાઈ જાય અને રકમ ચુકવવા અસમર્થ થઈ જાય

૫. જંત્રીના ભાવ સીધા ડબલ કરવાથી ચૂકવવી પડતી ચેક મુજબની રકમ પણ બમણી થઈ જાય જેથી લોકો પોતાનું ઘર ખરીદવાની શક્તિ ઘટે જેથી રીયલ એસ્ટેટ માર્કેટમાં મંદી આવી સકે છે

૬. બાંધકામ દર પણ બમણા કરી દીધેલ છે આર.સી. માં બાંધકામ પ્રતિ ચો.મી. ૧૯,૮૦૦ નક્કી કરેલ છે જે તદન અવાસ્તવિક છે જેથી પુનઃ વિચાર કરવો જોઈએ

૭. વર્ષ ૨૦૧૧ માં જયારે જંત્રી બનેલ ત્યારે અણઘડ રીતે બનેલ છે મોરબી તાલુકાના એક જ શેઢે ત્રાજપર ગામના સર્વે નંબરની જંત્રી પણ એક બીજા કરતા બે ગણી માલૂમ પડે છે અણઘડ રીતે બનેલ જંત્રીમાં ભાવ ડબલ કરવામાં આવે તો અયોગ્ય પરિસ્થિતિનું નિર્માણ થશે જેથી સર્વે કરીને જ જંત્રીમાં ભાવવધારો કરાય તેવી માંગ કરી છે.

ધોરડોના સફેદ રણમાં જી-૨૦ દેશોના પ્રતિનિધિઓ બન્યા યોગમય

જી-૨૦ના ટુરિઝમ વર્કિંગ ગ્રુપની મીટીંગના ત્રીજા દિવસે આજે યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છમાં ધોરડોના સફેદ રણમાં પ્રભાતનાં આહલાદક વાતાવરણમાં યોજાયેલ આ યોગ સેશનમાં જી - ૨૦ દેશોના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા.

સૂર્યોદય સાથે યોગ સેશનની શરૂઆત થઈ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નિષ્ણાત યોગાચાર્ય અને યોગ શિક્ષકોની ટીમ દ્વારા સૂક્ષ્મ વ્યાયામ, યોગાસનો અને પ્રાણાયામનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વિદેશી પ્રતિનિધિઓ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગમય બન્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ યોગ નિદર્શન ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કચ્છ જિલ્લા યોગ કોઓર્ડીનેટર સિનિયર યોગ કોચ વિજયકુમાર શેઠ, ભુજના યોગાચાર્ય પ્રેમમણીજી, વર્ષાબેન પટેલ, ગીતાબેન નાયર, હિતેશ કપૂર દ્વારા કરવામાં આવ્યું હતું.

કાયમી ધોરણે OBC કમિશન મામલે હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી નિયત તારીખ સુધીમાં જવાબ રજૂ કરવા આદેશ

રાજ્યમાં કાયમી ધોરણે OBC કમિશનની નિમણૂંક કરવા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં અરજદારે રજૂઆત કરી છે કે સરકાર પરિપત્ર મુજબ કમિશનના વડાની નિમણૂક કરે તે યોગ્ય નથી.

રાજ્યમાં કાયમી ધોરણે ઓબીસી કમિશન મામલે ગુજરાત હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી છે. નિવૃત્ત જજની નિમણુંકને કમિશનની રચના ન ગણાય તેવી ટકોર કરી છે અને ૨ માર્ચ સુધીમાં જવાબ રજૂ કરવા સરકારને આદેશ કર્યો છે.

રાજ્યમાં કાયમી ધોરણે ઓબીસી કમિશનની નિમણૂકની માંગ સાથે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. આ અરજી પર હાઈકોર્ટમાં આજે સુનાવણી ચાલી હતી. જેમાં રાજ્ય સરકાર પરિપત્રના આધારે કમિશનના વડાની નિમણૂંક કરે તે પુરતું નહીં હોવાની હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. જેમાં હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે સરકારને પૂછ્યું હતું કે શા માટે કાયમી ઓબીસી કમિશનની સ્થાપના નથી થઈ તેવા કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો. નિવૃત્ત જજની અપોઈન્ટમેન્ટ એ કમિશનની રચના ના ગણાય તેવી હાઈકોર્ટે સરકારને ટકોર કરી હતી.

ગુજરાત હાઈકોર્ટમાં અરજદારની રજૂઆત રાજ્યમાં કાયમી ધોરણ ઓબીસી કમિશનની નિમણૂંક કરવા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં અરજદારે રજૂઆત કરી છે કે સરકાર પરિપત્ર મુજબ કમિશનના વડાની નિમણૂક કરે તે યોગ્ય નથી.

તમને જણાવી દઈએ કે, કમિશનની સ્થાપનાના મુદ્દે સરકાર ઠોસ પગલાં ઉઠાવે તેવી ગુજરાત હાઈકોર્ટે તાકીદ કરી હતી. અન્ય પછાત વર્ગના સમાવેશ અને તે અંગેની કાર્યવાહી અને જ્ઞાતિઓને પછાત વર્ગમાંથી બહાર મુકવાની કામગીરી માટે સ્થાયી ઓબીસી કમિશન જરૂરી હોવાની રજૂઆત સાથે હાઈકોર્ટમાં પિટિશન થઈ છે.

ઓબીસી કમિશનના ચેરમેન પદે આર.પી.ધોલરિયાની નિમણૂક

તાજેતરમાં ગુજરાત સરકારે રાજ્યના પછાત અન્ય વર્ગો OBC માટેના કાયમી કમિશનના ચેરમેન તરીકે ગુજરાત હાઈકોર્ટમાંથી નિવૃત થયેલા ન્યાયાધીશ આ.પી ધોલરિયાની નિમણૂક કરી હતી. ઓબીસી કમિશનમાં લાંબો સમય ચેરપર્સન તરીકે જવાબદારી અદા કરનારા જસ્ટિસ સુજ્ઞાબેન ભટ્ટના અવસાનને એક વર્ષ પૂર્ણ થાય તે પહેલા સરકારે આ નિયુક્તિ કરી હતી.

૧.૧૬ લાખ ગુજરાતના ખેડૂતોએ ચણાની ટેકાના ભાવથી વેચાણ માટે નોંધણી કરી

ગુજરાતમાં ચણા, રાયડો અને તુવેરની ટેકાના ભાવથી ખરીદી કરવા માટે પહેલી ફેબ્રુ.થી નોંધણી શરૂ થઈ ગઈ છે. જેમાં ચણાના ખેડૂતો તરફથી સૌથી વધુ પ્રતિસાદ મળી રહયો છે.

આગામી ૧૦ માર્ચથી ૭ જુન દરમ્યાન તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરશે. તુવેર, ચોખા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી માટે ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વીસીઈ મારફતે નોંધણીના નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર પહેલી ફેબ્રુઆરીથી ખેડુતોનું રજીસ્ટ્રેશન કરવામાં આવી રહયું છે.

જે આગામી ૨૮ ફેબ્રુ. સુધી ચાલશે. રાજયમાં ૭ ફેબ્રુ. સુધીમાં તુવેરની ટેકાના ભાવથી વેચાણ માટે કુલ ૧૪૩૧ ખેડૂતો ચણાની ૧.૧૬.૧૨૭ ખેડૂતો અને રાયડાના વેચાણ માટે ૯૪૯ ખેડુતોએ નોંધણી કરાવી છે.

૧૦ મી માર્ચથી સરકાર ખરીદી શરૂ કરશે. ગુજરાતમાં આ વર્ષે સરકારના એડવાન્સ એસ્ટીમેટ મુજબ તુવેરનું ૨.૧૦ લાખ હેકટર ચણાનું ૭.૩૨ લાખ હેકટર તથા રાઈ ૩૩.૨૧ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે.

ગુજરાતમાં ઠંડીનો આવશે છેલ્લો રાઉન્ડ, જાણો ક્યારે?



રાજ્યમાં ફરી ઠંડીનો ચમકારો થવાની આગાહી સામે આવી છે. રાજ્યમાં ઉત્તર પૂર્વનાં પવન ફૂંકાશે જેના કારણે આગામી ૪૮ કલાક બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટશે. આ સાથે મહત્તમ તાપમાન ઊંચુ રહેવાનાં કારણે બપોરે ગરમીનો પણ અહેસાસ થવાનો છે. જેના કારણે ગુજરાતીઓને બેવડી ઋતુ માટે તૈયાર રહેવું પડશે.

તા.૯ થી પાંચ દિવસ માટે હવામાન વિભાગનું અનુમાન સામે આવ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, પાંચ દિવસ હવામાન સુકૂં રહેશે. ક્યાંક એક બે ડિગ્રી તાપમાનમાં વધારો થશે તો ક્યાંક થોડો ઘટાડો થઈ શકે છે. આ સાથે મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી પહોંચે તેવી પણ શક્યતા દર્શાવવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, રાજ્યમાં ઠંડી અને ગરમી બંનેનો અનુભવ થશે.

ગૂગલે ગૂગલક્રોમ માટે નવું અપડેટ બહાર પાડ્યું, ઘણા લોકોને થશે સમસ્યા

જો તમે ભવિષ્યમાં ક્રોમ અપડેટ કરવા માંગો છો, તો તમને ફક્ત ઉઇન્ડોઝ ૧૦ અથવા તેનાથી ઉપરના સંસ્કરણમાં અપડેટ મળશે.ગૂગલે લેટેસ્ટ અપડેટમાં બે પ્રકારના અપડેટ સામેલ કર્યા છે. આમાં, વિન્ડોઝ ૧૦ અથવા તેનાથી ઉપરના વર્ઝન માટે અપડેટ આવ્યું છે અને તેનું નામ લેબલ ૧૧૦ છે. વિન્ડોઝ ૭ અને ૮.૧ માટે એક નાનું સંસ્કરણ બહાર પાડવામાં આવ્યું છે. ક્રોમ ૧૧૦ વર્ઝન ખાસ કરીને વિન્ડોઝ ૧૦ અને તેનાથી ઉપરના વર્ઝન માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

ગૂગલના ક્રોમ બ્રાઉઝર માટે રિલીઝ કરવામાં આવેલા અપડેટમાં સૌથી વધુ નુકસાન વિન્ડોઝ ૭ અને વિન્ડોઝ ૮.૧ ચલાવતા યુઝર્સને થશે. વાસ્તવમાં, તેણે આખરે આ વપરાશકર્તાઓ માટે ક્રોમ અપડેટ આપ્યું છે અને તે પછી કોઈ નવું

અપડેટ બહાર પાડવામાં આવશે નહીં. ગૂગલે જાહેરાત કરી છે કે ક્રોમ વર્ઝન ૧૦૯ એ Windows ૭, Windows ૮ અને Windows ૮.૧ વપરાશકર્તાઓ માટે છેલ્લું અપડેટ છે.

વિન્ડોઝ ૧૦ અથવા તેનાથી ઉપરના વર્ઝનનો ઉપયોગ કરનારા યુઝર્સ ક્રોમના નવીનતમ સંસ્કરણ પર અપડેટ કરી શકે છે. આ પછી, જ્યારે પણ નવું અપડેટ રિલીઝ થશે, બ્રાઉઝર ઑટોમેટિક રીતે અપડેટ થઈ જશે. પરંતુ જો વિન્ડોઝ ૭ અને વિન્ડોઝ ૮.૧ નો ઉપયોગ કરતા હો, તો તેમની પાસે નવીનતમ સંસ્કરણ સાથે અપડેટ કરવાનો એક જ વિકલ્પ છે. જો આ ન કરવામાં આવે તો તમારું કમ્પ્યુટર હેક થઈ શકે છે.

TIMES OF CERAMIC ®
COMING UP NEXT...
INTERNATIONAL DIRECTORY
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN
CERAMIC TODAY ®
MAYUR K. BUDHABHATTI (OWNER & EDITOR) TIMES OF CERAMIC , CERAMIC TODAY & LOK JWALA NEWS (SUB-EDITOR) DIVYA DRASHTI = +91 96019 77755

મોરબી સિરામિક ઉદ્યોગને વધુ એક ઝટકો, પ્રોપેન ગેસમાં ટને રૂપિયા ૩૧૭૦નો વધારો

અનુસંધાન પાના (૨) પર

ઓઇલ કંપની એચપીસીએલ દ્વારા પ્રોપેન ગેસના ભાવમાં પ્રતિ ટને રૂપિયા ૩૧૭૦નો ભાવ વધારો અમલી બનાવતા સિરામિક ઉદ્યોગની મુશ્કેલીમાં વધારો થયો છે

શ્રીજી સાડી
8160050090

SALE..
SALE..
SALE..
હૈદરાબાદી પટોળા
કાનજી વરમ
બાંધણી
પ્યોર કંપની બાંધણી
સિન્થેટિક સાડી
SALE
SALE
ચકીયા હનુમાનજી મંદિરની બાજુમાં રવાપર રોડ, મોરબી.

ગીરીશઃ 84900 12440 | 96381 12440
ચોલી હાઉસ

ડિઝાઇનર ચણીયાચોલી
વન-પીસ ઈન્ડોવેસ્ટર્ન
બ્રાઇડલ સેટ-રિસેપ્શન સેટ
એસેસરીઝ ભાડે મળશે.
ચણીયાચોલી ભાડે મળશે.
૧૦૬, ઓમ શિવમ કોમ્પ્લેક્ષ, નાઇસ એન્ડ ન્યુની સામે, રવાપર રોડ, મોરબી.

જમ્બો ડીસ્કાઉન્ટ
રમકડામાં અવનવી આઇટમોનો ખજાનો

જથ્થાબંધ ફટાકડા

પાંડા મેજીક કાર - ૯૦૦/-

પોપીટ - 3Pcs. ૧૦૦/-

LEDTAB-1Pcs. ૧૦૦ /-
JK TOYS
નોવેલ્ટી ફટાકડા
ફટાકડા બારેમાસ મળશે.

લેઝર લાઇટ - 3Pcs.૧૦૦/-

પોપીટ કીચેઇન - ૧૦/-

જથ્થાબંધ પીચકારી
હોટેલ જે.કે.ની બાજુમાં, જેઇલ રોડ, મોરબી. ધ્રુવ હીરાણી મો. 93281 20050

ડૉ. એ.એ. ઓડીચા (B.A.M.S.)
98984 04464 | 98248 74791
RUSHAN PAIN MANAGEMENT CENTRE
રૂશાન
પેઇન & સ્કીન ટ્રીટમેન્ટ સેન્ટર

સમય સવારે ૧૦:૩૦ થી ૧:૩૦ બપોરે ૨:૩૦ થી ૫:૩૦
દુઃખાવા માટેઃ કોઈપણ જાતના સ્નાયુને લગતા દુઃખાવા જેવા કે નસ દબાવી, નસ ખેંચાવી, લોહી ન મળવું અથવા ઓછું મળવું, ચાલવામાં તકલીફ થવી, ખાલી ચડવી, ઉઠવા બેસવામાં તકલીફ થવી, મણકામાં ગાદી ખસી જવી અથવા તો મણકાની ગાદી દબાવી, સાયટીકા (રાંજણ), જોઇન્ટ પેઇન, સાંધાના દુઃખાવો, ઢીંચણની ગાદી ઘસાવી અથવા તો દબાવી, ગેસ, એસીડીટી, ચાલવામાં તકલીફ થવી, ઓપરેશન પછી રહી ગયેલ તકલીફો, જુની કબજીયાતને હિસાબે થતી તકલીફો, પેરાલીસીસ પછી રહી ગયેલ તકલીફ, હાથ ઉંચો ન થયો અથવા તો ખભામાં નસ દબાવી કે ખેંચાવી.
ચામડી માટેઃ મોઢા ઉપરની કાળી દાઝ, ખીલ કે ફુંડાળાની સારવાર, એલર્જી, સતત ખંજવાળ આવવી, શરીર ઉપર લાલ અથવા પીળા ચાંઠા થવાં, હર્પિસ, ખરજવું સુકુ કે લીલુ, ધાધર, સફેદ ડાઘ, સોરિયાસીસ, વારંવાર મોઢામાં ચાંટા પડવા.
વૈદેહી પ્લાઝા, ત્રીજો માળ, બાલા હનુમાનજી મંદિર સામે, ઘુનડા રોડ, મોરબી.

NEW DOLPHIN KIDS CARE
The Future Depends On What You Do Today.
NDKC
ADMISSION OPEN FOR NEW ACADEMIC SESSION 2023 - 2024
• PLAYGROUP • NURSERY • L.K.G • U.KG
Neeta N Bhojani (Academic Head)
+91 99793 48689

SUBH HOTEL STREET, OPP. GIDC,ARIHANT SOCIETY, MORBI.

દિવ્યક્રાંતિ
અહીં આપેલ QR કોડ સ્કેન કરો અને ઈન્સ્ટાગ્રામ પર પેજ ફોલો કરો.
@divyakrantinews

દિવ્યક્રાંતિ
મોબાઇલ પર ન્યૂઝ અપડેટ અને ઇ-પેપર મેળવવા માટે આપનું નામ અને શહેરનું નામ લખી નંબર 9723162036 પર વોટસએપ કરો.
વોટસએપ ગ્રુપમાં જોડાવવા માટે આ કોડ સ્કેન કરો

Bhaveshbhai 97140 83098 | Rahulbhai 98243 70457 | Vishalbhai 90545 49411
CAR SPA
The Town's Top Auto Detailer
Complete Car Wash Interior and Exterior
Only 399₹

EXPERT IN CERAMIC COATING
Complete Car Wash & Detailing Services
Our Best Services
Foam Wash
Steam Wash
Accessories
Teflon Coating
PPF (TPU-TPH)
Ceramic Coating- (9H-10H)
Under- Body Anti- Rust Coating

ચાર્મી ફેશન

લેડીઝ વેર
જીન્સ & ટોપ
સરારા પેર
વેસ્ટર્ન વેર
કુર્તી પેર
લેગીસ & જેંગીસ
ક્રોપ ટોપ
નાઇટ વેર

મેળવો હોલસેલ ભાવથી રીટેલમાં
વસંત પ્લોટ-૧૫, રવાપર મેઈન રોડ, કલ્પના ટેઈલરની બાજુમાં । Mo.91577 00021

શ્રી ગણેશાય નમઃ
૮૨૦૦૨ ૫૪૧૦૬ | ૭૫૭૫૦ ૪૮૧૩૬
ધ કિંગ સિલેક્શન

અમારે ત્યાંથી દરેક કંપનીનું શુટિંગ-શર્ટિંગનું કાપડ તેમજ શુટ, પેન્ટ-શર્ટ, જબ્બા લેંઘા, વગેરેનું કાપડ અને સિલાઇ કરી આપશું.
બ્લેઝર કાપડ સિલાઇ સાથે ફકત રૂા. ૩૫૦૦માં
પહેલા માળે, તુલસી શોપિંગ સેન્ટર, અવની ચોકડી, કેનાલ રોડ, મોરબી ૧

રાહત મેડિકલ સ્ટોર
ડાયાબિટીસ તેમજ બીપી, વજન, ટેમ્પરેચર, ઓક્સિજન લેવલ ફ્રી માં ચેક કરી આપવામાં આવશે.
રાહત મેડિકલ સ્ટોરમાં જેનરીક તથા રેગ્યુલર દવાઓ જેવી કે હૃદય રોગ, બીપી, માનસિક રોગ, સ્ત્રી રોગ તથા ડાયાબિટીસની દવાઓ ૧૦ થી ૯૦% ના રાહત દરે મળશે
ફ્રી હોમ ડીલેવરી માટે સંપર્ક કરો
નિરેન અઘારા : ૯૯૦૪૪ ૯૫૯૫૦
દુકાન નં.૪, તુલશી શોપિંગ, નાલંદા કિડ્સની સામે, અવની ચોકડી, કેનાલ રોડ, મોરબી-૧

HÄFELE
FABER
GLEN Live Better !
PHILIPS
hindware KITCHEN ENSEMBLE
KUTCHINA Designed for Convenience
ROBAM Enjoy Cooking | Global No.1 for 5 Consecutive Years
K. K. Kitchenware
KITCHENWARE I HOMEAPPLIANCES I CROCKERYWARE
PRASHANT : 94265 75975 | JIGNESH : 83209 60603
Shop No. 1, Tulsi Shoping Center, Avani Chowkdi, Kenal Road, Morbi-363641

Bharatbhai Fefar M.: 77779 87326 | Umang Fefar M.: 96242 99899
ૐ સાંઈ
ઈલેક્ટ્રોનીકસ

માઈનોર સ્ક્રેચ ટચીંગવાળા વોશીંગ મશીન અને ફ્રીજ મળશે.
એ.સી. ટી.વી. ફ્રીજ વોશીંગ મશીન વગેરે

20% થી 40% સુધી નું ડિસ્કાઉન્ટ મળશે.
તુલસી શોપીંગ, સંકલપ એપાર્ટમેન્ટની સામે, અવની ચોકડી, કેનાલ રોડ, મોરબી

શંકરમહારાજ | 'શ્રી જય ભવાની' જય ઠાકોર જી કી | 99793 25130
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે. 9712632000

JK હોટલ જે.કે.

ગુજરાતી | સ્પે. દાલબાટી | પંજાબી | કાઠીયાવાડી
લગ્ન પ્રસંગના ઓર્ડર માટે મળો.
જેઇલ રોડ, બેંક ઓફ ઇન્ડીયાની સામે, મોરબી.

દિવ્યક્રાંતિ
NEXT EDITION 01st MARCH-2023
Contact for Ad.: +91 97231 62036